| | | | |
|---|---|---|---|
| દાખલ તા. | ૦૫/૦૯/૨૦૧૧ | | |
| નોંધ્યા તા. | ૦૫/૦૯/૨૦૧૧ | | |
| ફેસલ તા. | ૧૧/૦૭/૨૦૨૬ | | |
| સમય ગાળો | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૧૪ | ૧૦ | ૦૬ |

**જેતપુરના મે.એડી.ચીફ. જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં, જેતપુર**

**ફોજદારી કેસ નંબર: ૯૧૪/૨૦૧૧**

**આંક– ૭૯**

**ફરીયાદી :–** **ગુજરાત સરકાર વતી,**
**પી.કે. વાડલીયા,**
**ફુડ ઇન્સ્પેક્ટર,**
**મદદનીશ કમિશ્નરશ્રીની કચેરી,**
**ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,**
**બહુમાળી ભવન, બ્લોક નં. ૩/૭,**
**રાજકોટ.**
**વિરુધ્ધ**

**આરોપી/ઓ :–**

૨. અશોકભાઇ લક્ષ્મણભાઇ પટેલ
(ઉત્પાદક પેઢીના ભાગીદાર)
૩. પ્રવિણભાઇ ભીમજીભાઇ સાંગાણી
(ઉત્પાદક પેઢીના ભાગીદાર)
**બંન્ને રહે. દત્તાત્રેય બેવરેજીસ,**
**પ્લોટ નં.૮૦, ઉધોગનગર, નવાગામ,**
**કામરેજ, જી.સુરત,**
૪. દતાત્રેય બેવરેજીસ(ઉત્પાદક પેઢી)
**પ્લોટ નં. ૮૦, ઉધોગનગર, નવાગામ,**
**કામરેજ, જી. સુરત.**

-------------------------------------------

**ફરીયાદ પક્ષે તર્ફે વિ.એ.પી.પી.શ્રી. એ. જે. વળવી.**
**આરોપી તર્ફે વિ.વ.શ્રી. બી.પી. ત્રિવેદી.**

-------------------------------------------

.................................................
A.C.J.M., JETPUR.

**<u>ગુન્હો:-ખાદ્યચીજ ભેળસેળ પ્રતિબંધક અધિનિયમ-૧૯૫૪ કલમ-૨(૧-એ), (એ),(ઇ) મુજબ ભેળસેળ યુક્ત છે તેમજ પી.એફ.એ. રૂલ્સ-૧૯૫૫ ના નિયમ-૫(એપેન્ડીક્ષ બી,એ.૩૩) માં નિર્દીષ્ટ જોગવાઈનો ભંગ કરેલ જે આ કાયદાની કલમ-૭(૧)(૫) મુજબ ગુન્હો બને છે જેના ભંગ બદલ કલમ-૧૬ મુજબ...</u>**

**<u>// ઠરાવ //</u>**

1. આંક-૧ થી રજુ ફરીયાદ હકીકત મુજબ આ કામના આરોપીઓએ હાલની ફરીયાદમાં જણાવ્યા મુજબ ખાદ્યચીજ ભેળસેળ પ્રતિબંધક અધિનિયમ-૧૯૫૪ કલમ-૨(૧-એ), (એ),(ઇ) મુજબ ભેળસેળ યુક્ત છે તેમજ પી.એફ.એ. રૂલ્સ-૧૯૫૫ ના નિયમ-૫(એપેન્ડીક્ષ બી,એ.૩૩) માં નિર્દીષ્ટ જોગવાઈનો ભંગ કરેલ જે આ કાયદાની કલમ-૭(૧)(૫) મુજબ ગુન્હો બને છે જે કલમ-૧૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે. આ કામના આરોપી નં. ૨ થી ૪ નાઓએ પુરશીશ રજુ કરી તેઓએ ફરીયાદ હકીકત મુજબ આક્ષેપવામાં આવેલ ગુનો સ્વેચ્છાએ અને રાજીખુશીથી કબુલ કરતા હોવાનું જાહેર કરેલ છે. જેથી આરોપી નં. ૨ થી ૪ ની સ્વૈચ્છીક ગુન્હાની કબુલાત ધ્યાને લઇ ઉપરોકત ગુન્હા અંગે તકસીરવાર ઠરાવુ છું.

2. સદર કામે રેકર્ડ જોતાં ફરીયાદ પક્ષે હાલના ફુડ ઇન્સ્પેકટશ્રી પી.કે. વાડલીયા રાજકોટનાઓ તરફથી પુરશીશ રજુ કરવામાં આવેલ છે. જે મુજબ હાલનો કેસ ઇન્જયુરીયસ ટુ હેલ્થ(અનસેફ) ની કેટેગરીમાં આવતો ન હોય નામદાર સુપ્રિમ કોર્ટે ક્રિમિનલ અપીલ નં.૨૪૧/૨૦૧૬ માં તા.૧૭/૦૩/૨૦૧૬ ના રોજ આપેલ જજમેન્ટ મુજબ આ કેસમાં આરોપીને માત્ર દંડ(ફાઇન) ની શિક્ષા કરી કેસનો નિકાલ કરવામાં આવે તો ફરીયાદ પક્ષને વાંધો નથી તેવું પુરશીશથી જાહેર કરવામાં આવેલ છે.

3. ખાદ્યચીજ ભેળસેળ પ્રતિબંધક અધિનિયમ-૧૯૫૪ ની કલમ ૧૬ માં પ્રબંધ કરવામાં આવેલ જોગવાઇઓ લક્ષે લેવામાં આવેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટે નેમીચંદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન, ક્રિમિનલ અપીલ નં.૨૪૧/૨૦૧૬ માં તા.૧૭/૦૩/૨૦૧૬ ના ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત લક્ષે લેતા તથા ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી દ્વારા જી.એલ.એસ.એ/૧૮૩૨/૧૭ તા.૩૦/૦૮/૨૦૧૭ ના રોજના પત્રમાં

કરવામાં આવેલ સુચન લક્ષે લેતા તથા હાલના કેસની ફરીયાદની હકીકત લક્ષે લેતા હાલના કેસમાં સબસ્ટાન્ડર્ડ ખાદ્ય પદાર્થનું વેચાણ કરવાને લગતો આક્ષેપ હોય જેથી હાલનો કેસ આરોગ્યને હાનિકારક ન હોય તેવી કેટેગરીમાં સમાવેશ થતો હોવાનું ફલિત થયેલ હોય તે સંજોગોમાં તથા ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત લક્ષે લેતા હાલના કેસમાં આરોપીઓને ફકત દંડ કરવો ઉચીત જણાય આવે છે.

4. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત લક્ષે લેતા તથા આરોપી નં. ૨ થી ૪ દ્વારા હાલનો ગુનો કબુલ કરેલ હોય આરોપી નં. ૨ થી ૪ નાએ ખાદ્યચીજ ભેળસેળ પ્રતિબંધક અધિનિયમ-૧૯૫૪ કલમ-૨(૧-એ),(એ),(ઇ) મુજબ ભેળસેળ યુક્ત છે તેમજ પી.એફ.એ. રૂલ્સ-૧૯૫૫ ના નિયમ-૫(એપેન્ડીક્ષ બી,એ.૩૩) માં નિર્દીષ્ટ જોગવાઇનો ભંગ કરેલ જે આ કાયદાની કલમ-૭(૧)(૫) મુજબ ગુન્હો બને છે જે કલમ-૧૬ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

1. આરોપી નં. **(૨) અશોકભાઇ લક્ષમણભાઇ પટેલ,(ઉત્પાદક પેઢીના ભાગીદાર), નં. (૩) પ્રવિણભાઇ ભીમજીભાઇ સાંગાણી (ઉત્પાદક પેઢીના ભાગીદાર), બંન્ને રહે. દત્તાત્રેય બેવરેજીસ, પ્લોટ નં. ૮૦, ઉદ્યોગનગર, નવાગામ, કામરેજ, જી.સુરત અને નં. (૪) દતાત્રેય બેવરેજીસ (ઉત્પાદક પેઢી) રહે. પ્લોટ નં. ૮૦, ઉદ્યોગનગર, નવાગામ, કામરેજ, જી. સુરત**નાઓને ક્રિ.પ્રો. કોડ કલમ : ૨૪૬(૩) (બી.એન.એસ.એસ. ની કલમ-૨૬૯) અન્વયે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ ની કલમ-3(1)(zz)(viii) મુજબ "અનસેફ" છે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ ની કલમ-૨૬(૨)(i) તથા (v) મુજબ ગુન્હો બને છે જેના ભંગ બદલ કલમ-૫૯(i) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને **રૂા.૩,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) લેખે દંડ એમ કુલ મળીને (૩,૦૦૦ x ૩) રૂા.૯,૦૦૦/- (અંકે રૂપિયા નવ હજાર**

..............................................
A.C.J.M., JETPUR.

**પુરા) દંડ,** દંડની રકમ ન ભરે તો **દિન–૩૦(ત્રીસ)**ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

2. સદર કામે જો કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોય તો, કબજે થયેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ ધારા–ધોરણસર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં તારીખ–૧૧ માહે–જુલાઈ સને–૨૦૨૬ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

જેતપુર.
તા.૧૧/૦૭/૨૦૨૬

(પ્રણવ દિલીપકુમાર મોદી)
પ્રિન્સિ. સિનિ. સીવીલ જજ અને
એડી. ચીફ જયુ. મેજી., જેતપુર.
કોડ નં.જીજે૦૧૨૦૨.

પહોંચ નં. ............ થી રકમ રૂા. ........................................ જમા લીધા.

તા.૧૧.૦૭.૨૦૨૬ ....................................
નાઝીરશ્રી,
એડી. ચીફ જયુ. મેજી. કોર્ટ, જેતપુર.

................................................
A.C.J.M., JETPUR.